જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૦૭/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૩૦૨ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૦,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૨૧૫/૨૦૨૩

**વાડજઃ** જીગરભાઈ નરેશકુમાર શાહ (ઉ.વ.૫૧) (રહે. શ્રીપથ સોસાયટી સ્વાતી સોસાયટી સામે નવરંગપુરા) એ તા.૨૩/૦૭/૨૦૨૩ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જીગરભાઈ શાહ વાડજ ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે પરિતોષ સ્ટોર નામની કરીયાણાની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૧૧/૦૭/૨૦૨૩ ના રોજ મોબાઈલ નંબર ૮૪૨૧૭૮૯૭૧૯ તથા ૯૯૨૩૩૭૪૩૮૪ ના ધારકોએ જીગરભાઈ શાહના પિતાના મોબાઈલ ફોન ઉપર જીગરભાઈ શાહના જુના વિશ્વાસુ અને કાયમી ગ્રાહક વાત કરતા હોવાની ઓળખ આપી વિશ્વાસમાં લઈ ચણાની દાળના ૧૪૦ કટ્ટાનો ઓર્ડર આપી ૭૦ કટ્ટા ધ્રુમિન ગ્રાઉન્ડ ફ્લોર દિવ્ય રેસિડેન્સી કાનબા હોસ્પિટલની બાજુમાં નિકોલ અમદાવાદ ખાતે તેમજ ૭૦ કટ્ટા જૈમીનભાઈ શાહ પેલેટ કોમ્પ્લેક્ષ વિજાપુર ચોકડી મહુડી ખાતે ચણાની દાળ ૧૪૦ કટ્ટા કિમત રૂપિયા ૨,૯૪,૦૦૦/- મેળવી લીધા હતા. ત્યારબાદ જીગરભાઈ શાહના જુના વિશ્વાસુ અને કાયમી ગ્રાહક સાથે વાત કરતા તેઓએ દાળના કટ્ટા નહી મંગાવેલ જણાવતા ઉપરોક્ત મોબાઈલ નંબરના ધારકોએ અન્ય વ્યક્તિનુ નામ આપી દાળના કટ્ટા મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૬/૨૦૨૩</u>**

**"જે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અમદાવાદ કૃષ્ણ સોસાયટી મરીયમબીબી દરગાહ પાસે બચુભાઈનો કુવો ખાતે રહેતા તેમના સંબંધીના ઘરે રહેતા જગરામ લલ્લુભાઈ નિસાદ (ઉ.વ.૪૩) (મુળ વતન. ગામ.હસૌલી થાણા બાલૌલી જી-ફતેપુરા તા.લલૌલી ઉત્તરપ્રદેશ) તા.૨૨/૦૭/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે વટવા એસ.પી.રીંગરોડ રોપડા રેલવે ઓવરબ્રીજ ઉપર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટાટા ટેન્કર નંબર જીજે ૨૩ એટી ૧૪૬૦ ના ચાલકે ટેન્કર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા જગરામ નિસાદને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ રામુ જગજીત કેવટ (રહે. બચુનગર જીવનનગરની સામે વટવા) એ "જે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.ગામીત ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૧૭/૨૦૨૩</u>**

**વાડજઃ** વાડજ સંપદ અલ્ટીમા સામે સિંધી હાઇસ્કુલ ચાર રસ્તા ઉસ્માનપુરા આશાપુરા ભોજનાલય ઉપરના માળે રહેતા ભીમરાજ ખાનીયાભાઇ કલાસવા (ઉ.વ.૧૪) (રહે. મુળવતન ગામ.નાંદલીઅહાડા તા.સાબલા જી.ડુંગરપુરા રાજસ્થાન) એ તા.૨૩/૦૭/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતની લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**વેજલપુરઃ** શ્રીકૃષ્ણનગરી ફલેટ એસ.બી.આઇ બેન્ક પાસે મકરબા રોડ વેજલપુર ખાતે મોટા બહેન સાથે રહેતા ટી.જેસ્પરડા ડો/ઓ લાલકીમા રીઆંગ (ઉ.વ.૧૩)(મુળ વતન. ગા-કનાન્કતાપરા સબ ડીસ્ટ્રીકટ-દમ્બુરનગર ડીસ્ટ્રીક્ટ-ધલાઇ પો.ઓ-જગબંધુપરા ત્રિપુરા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૩/૦૭/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે બાથરૂમમા શાવર સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**ગોમતીપુરઃ** યોગેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ (ઉ.વ.૩૦) (રહે. શંકરપુરાની ચાલી રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રામાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી